સાણંદ
# નગરવાણી
નગરવિકાસમાં લોકોની સહભાગિતાને પ્રોત્સાહિત કરતું સામયિક વર્ષ-૨, અંક-૯, સળંગ અંક-૧૬ સપ્ટેમ્બર, ૨૦૦૫

**આપણું નગર**

## નગરપાલિકાના નવા પ્રમુખ

સાણંદ નગરપાલિકાના પ્રમુખ તરીકે સુશ્રી અલકાબહેન રમેશભાઈ પટેલ સર્વાનુમતે ચૂંટાઈ આવ્યાં છે. તા.૯.૯.૨૦૦૫ના રોજ સવારે ૯.૦૦ વાગ્યે નગરપાલિકાના બોર્ડમાં તેમની ચૂંટણી થઈ હતી. સાણંદ નગરપાલિકામાં કુલ ૨૭ નગર સેવકો છે. તેમણે સૌએ અલકાબહેનની તરફેણમાં મત આપ્યો હતો.

૧૯૯૨માં ભારતના બંધારણમાં ૭૪મો સુધારો કરવામાં આવ્યો ત્યારે તેમાં દેશની નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામતની જોગવાઈ કરવામાં આવી હતી. આ જોગવાઈ અનુસાર સાણંદ નગરપાલિકાનું પ્રમુખપદ અઢી વર્ષ માટે મહિલાઓ માટે અનામત બન્યું છે. આ જોગવાઈ અનુસાર સુશ્રી અલકાબહેન સાણંદ નગરપાલિકાના પ્રમુખ તરીકે ચૂંટાયાં છે. તેઓ શ્રી ભીખાભાઈ આર. પટેલનાં અનુગામી બન્યાં છે.

સુશ્રી અલકાબહેન પટેલ વોર્ડ નં-૨માંથી નગરપાલિકાના સભ્ય તરીકે ચૂંટાયાં હતાં. તેઓ તે વખતે પહેલી જ વાર નગરપાલિકામાં નગર સેવક તરીકે ચૂંટાયાં હતાં. તેમણે ધો-૯ સુધીનો અભ્યાસ કરેલો છે. તેઓ હવે અઢી વર્ષ માટે નગરપાલિકાનું પ્રમુખપદ સંભાળશે. ગુજરાતની વિધાનસભાએ ગુજરાત નગરપાલિકા ધારામાં કરેલી જોગવાઈ અનુસાર નગરપાલિકાના પ્રમુખ અઢી વર્ષ સુધી હોદ્દો સંભાળે છે.

સાણંદના નગરજનો સુશ્રી અલકાબહેન પટેલને નગરપાલિકાના પ્રમુખપદે ચૂંટાવા બદલ અભિનંદન આપે છે અને આશા રાખે છે કે તેમના નેતૃત્વ હેઠળ નગરપાલિકા નગરજનોની વધારે સારી સેવા કરશે અને સાણંદ નગરનો બહુવિધ વિકાસ થશે.

**પાલિકાની પગદંડીએ**

## શહેરી વિકાસ વર્ષ નિમિત્તે આયોજન

રાજ્ય સરકારે ૨૦૦૫ના વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઊજવવાનું નક્કી કર્યું છે. આ નિમિત્તે સાણંદ નગરપાલિકાએ ૨૦૦૫નું આયોજન કર્યું છે. આ આયોજનના કેટલાક મુદ્દાઓ આપણે અગાઉ જોયા હતા. બીજા કેટલાક મુદ્દાઓ નીચે મુજબ છે:

**(૧) નવી હિસાબી વ્યવસ્થા:** નગરપાલિકાના હિસાબો માટે ચાલુ વર્ષથી એટલે કે ૨૦૦૫-૦૬થી આધુનિક દ્વિનોંધી નામા પદ્ધતિ દાખલ કરવામાં આવી છે. અત્યાર સુધીમાં નગરપાલિકાના હિસાબો દેશી નામા પદ્ધતિથી રાખવામાં આવતા હતા.

**(૨) વેરા અને દરમાં વધારો:** નગરપાલિકાએ વેરા અને દરમાં વધારો કરીને પાલિકાની આવક વધારવાનું આયોજન કર્યું છે કે જેથી એ આવકનો ઉપયોગ વિકાસનાં કામો માટે કરી શકાય. આ માટે (૧) પાણી વેરો વાર્ષિક રૂ. ૨૦૦થી વધારીને રૂ. ૩૦૦ કરવામાં આવ્યો છે. (૨) વીજળી વેરો વાર્ષિક રૂ. ૫૦ ચાલુ વર્ષથી દાખલ કરવામાં આવ્યો છે. (૩) ૨૦૦૪થી મિલકત વેરાની આકારણી ચાર વર્ષને માટે નવેસરથી કરવામાં આવી છે. તેને પરિણામે પાલિકાની આ વેરાની અંદાજિત આવક બમણી થઈ ગઈ છે. ૨૦૦૭થી ક્ષેત્રફળ આધારિત આકારણી અમલમાં મૂકવામાં આવશે.

**(૩) મુક્તિધામ:** સાણંદ નગરપાલિકાએ ૧૯૮૮માં રૂ. ૪ લાખના ખર્ચે મુક્તિધામનું નિર્માણ કર્યું હતું. તેમાં રૂ. ૧.૫ લાખના ખર્ચે નવીનીકરણ કરવામાં આવ્યું છે.

**(૪) વિકાસનાં વિવિધ કામો:** સાણંદ નગરપાલિકા દ્વારા આગામી ૫ વર્ષના ગાળા દરમ્યાન વિવિધ વિકાસલક્ષી કામો હાથ ધરવાનું આયોજન કર્યું છે. આ આયોજન જુદા જુદા વિષયો અનુસાર ખર્ચની વિગતો સાથે નીચે મુજબ છે:

**૧. પાણી પુરવઠો - રૂ. ૪ કરોડ:**

પાણી પુરવઠા માટે જે વ્યવસ્થાનું આયોજન છે તે આ મુજબ છે:

- **(૧) ભૂગર્ભ સમ્પ અને ઓવરહેડ ટાંકી:** સિદ્ધનાથ મહાદેવ પાસે, નળ સરોવર રોડ ઉપર, બાવળા રોડ ઉપર, કોલટ રોડ ઉપર, લક્ષ્મણ તળાવ પાસે, ભવાનીનગર, લાયપુરા, માધવનગર.
- **(૨) બોર:** ભવાનીનગર લાયપુરા.
- (૩) વોટર ફિલ્ટરેશન પ્લાન્ટ.

**૨. ગટર વ્યવસ્થા - રૂ. ૨ કરોડ:**

ગામ તળ અને સોસાયટી વિસ્તારમાં ભૂગર્ભ ગટર, પમ્પિંગ સ્ટેશન, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ.

**૩. રસ્તા - રૂ. ૩ કરોડ:**

૬ કિ.મી. લાંબા કાચા રસ્તા અને ગામતળના ૫.૬ કિ.મી.ના પથ્થરના રસ્તાને પાકા આરસીસીના રસ્તા બનાવવાનું કામ, સોસાયટી વિસ્તારના મુખ્ય માર્ગોને આર.સી.સી.ના બનાવવાનું કામ.

**૪. આરોગ્ય - રૂ. ૨૫ લાખ:**

જુદા જુદા વિસ્તારમાં પે એન્ડ યુઝ શૌચાલયનું બાંધકામ.

**૫. કચરાનો નિકાલ - રૂ. ૩૯ લાખ:**

ઘન કચરાના પરિવહન અને નિકાલ માટે પાંચ ડીઝલ ટિપર રિક્ષા, બે ટ્રેલર સાથે ટ્રેક્ટર અને જેસીબી મશિનની ખરીદી કરવામાં

આવશે.

૬. **વીજળી - રૂ. ૧૫ લાખ:**
સાણંદ નગરના મુખ્ય રસ્તાઓ પર સોડિયમ વેપર લાઈટો નાખવામાં આવશે.

૭. **પાલિકાની ઓફિસ - રૂ. ૨૫ લાખ:**
નગરપાલિકાની ઓફિસનું નવું મકાન બાંધવામાં આવશે.

૮. **ઈ-ગવર્નન્સ - રૂ. ૧૦ લાખ:**
નગરપાલિકાની શાસન વ્યવસ્થાનું કોમ્પ્યુટરીકરણ કરવા માટેનું આયોજન કરાયું છે કે જેને પરિણામે વહીવટ ઝડપી અને પારદર્શી બનશે.

**નગરી નગરી દ્વારે દ્વારે**

## વોર્ડ બેઠકો

'નાગરિક સહયોગ કેન્દ્ર' દ્વારા દર મહિને સાણંદ નગરપાલિકાના જુદા જુદા વિસ્તારોમાં વોર્ડ બેઠકો યોજવામાં આવે છે અને તેમાં પાલિકાની સેવાઓના સંદર્ભમાં ઊભા થતા પ્રશ્નોની રજૂઆત થાય છે તેમ જ તેમના ઉકેલ વિશે વિચારવામાં આવે છે. સપ્ટેમ્બર-૨૦૦૫ દરમ્યાન યોજાયેલી બેઠકોનો અહેવાલ નીચે મુજબ છેઃ

### મોટો વાઘરીવાસ

તા.૨૯.૯.૨૦૦૫ના રોજ સાંજે ૪.૦૦ વાગ્યે વોર્ડ નં-૨માં મોટા વાઘરીવાસની વોર્ડ બેઠક મળી હતી. તેમાં ૧૨ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં સુવર્ણ જયંતી શહેરી રોજગાર યોજના અંગે સૌને માહિતી આપવામાં આવી હતી. એ ઉપરાંત, જાહેર વિતરણ વ્યવસ્થા, બચત મંડળ, રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના, વિધવા સહાય યોજના વગેરે વિશે પણ માહિતી આપવામાં આવી હતી. સ્વચ્છતા અને સફાઈ આ વિસ્તારમાં કેવી રીતે જાળવવાં એ વિશે પણ વિચારવામાં આવ્યું હતું. ગંદકી દૂર કરવા માટે સૌ પ્રતિબદ્ધ થાય તે વિચારાયું હતું.

### વાઘરીવાસ

વોર્ડ નં-૨માં વાઘરીવાસ ખાતેની વોર્ડ બેઠક તા. ૮.૯.૨૦૦૫ને ગુરુવારના રોજ સાંજે ૪-૦૦ વાગ્યે યોજવામાં આવી હતી. તેમાં ૧૨ મહિલાઓ સહિત ૧૪ નાગરિકો હાજર રહ્યા હતા. આ બેઠકમાં સુવર્ણ જયંતી શહેરી રોજગાર યોજના વિશે માહિતી આપવામાં આવી હતી. તેમાં બચત જૂથ દ્વારા કેવી કામગીરી થઈ શકે તે વિશે પણ માહિતી આપવામાં આવી હતી. વિસ્તારમાં સ્વચ્છતા અને સફાઈ વિશે પણ ચર્ચા થઈ હતી. કચરાનો નિકાલ કેવી રીતે કરવો તે વિશે પણ વિસ્તૃત ચર્ચા થઈ હતી. મુખ્ય માગણીઓ આ મુજબ હતીઃ

(૧) પાણીના સ્ટેન્ડપોસ્ટ વ્યવસ્થિત કરવા.
(૨) રસ્તા પરની લાઈટો નિયમિત ચાલુ રહે તેમ કરવું.
(૩) પાણી રોજ સવાર-સાંજ બે-બે કલાક નિયમિત આવે તેવી વ્યવસ્થા કરવી.

આ ચર્ચા દરમ્યાન આ નિર્ણયો કરવામાં આવ્યા હતાઃ

(૧) કચરો નાખવા માટે જે જગ્યા નક્કી કરવામાં આવી હોય ત્યાં જ કચરો નાખવો.
(૨) નગરપાલિકામાં પાણી અને વીજળીના થાંભલા વિશે રૂબરૂ અને લેખિત રજૂઆત કરવામાં આવશે.

### ભવાની નગર

વોર્ડ નં-૨માં ભવાનીનગર વિસ્તારમાં તા.૧૫.૯.૨૦૦૫ને ગુરુવારના રોજ સાંજે ૫.૦૦ વાગ્યે બોર્ડ બોર્ડ બેઠક મળી હતી. આ બેઠકમાં બે મહિલાઓ સહિત ૧૪ નાગરિકો હાજર રહ્યા હતા. આ બેઠકમાં મુખ્યત્વે પાણી અને સફાઈના પ્રશ્નોની ચર્ચા થઈ હતી. આ વિસ્તાર ઝૂંપડપટ્ટી વિસ્તાર છે અને ગંદકીને લીધે આરોગ્ય ઉપર થતી અસરો વિશે ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં ભીનો કચરો, સૂકો કચરો અને જોખમી કચરો એમ કચરાના વિવિધ પ્રકારો વિશે માહિતી આપવામાં આવી હતી. અને જાહેરમાં ગંદકી કરવી એ કેટલું જોખમી છે એ સમજાવવામાં આવ્યું હતું. કચરાના નિકાલની યોગ્ય વ્યવસ્થા નથી અને પાણી ટેન્કર દ્વારા પૂરું પાડવામાં આવે છે તેથી અપૂરતું છે એવી ફરિયાદ નાગરિકોએ કરી હતી. આ અંગે જાહેર રસ્તા પર કચરો નહિ ફેંકવાનું તથા નક્કી કરેલી જગ્યાએ જ કચરો નાખવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં વિધવા સહાય યોજના તેમ જ માનવ કલ્યાણ યોજના અને અન્ય યોજનાઓ વિશે પણ માહિતી આપવામાં આવી હતી.

### ગુજરાત હાઉસિંગ બોર્ડ વિસ્તાર

વોર્ડ નં-૮માં ગુજરાત હાઉસિંગ બોર્ડ વિસ્તારમાં તા.૧૯.૯.૨૦૦૫ને સોમવારના રોજ સાંજે ૫.૦૦ વાગ્યે વોર્ડ બેઠક મળી હતી. આ બેઠકમાં ઘન કચરા સંચાલન વિશેની એક પત્રિકા આપવામાં આવી હતી. તેમાં ભીનો કચરો, સૂકો કચરો અને જોખમી કચરો શું છે અને તેમને અલગ પાડવા, એકત્ર કરવા અને તેમનો અલગ અલગ નિકાલ કરવો કેમ જરૂરી છે તે સમજાવવામાં આવ્યું હતું. ખુલ્લામાં જાહેર રસ્તાઓ પર કચરો ન ફેંકવો અને પાણી ન ઢોળવું જરૂરી છે એ તેમને સમજાવવામાં આવ્યું હતું.

ઉપરાંત, નાગરિકોની એવી માગણી હતી કે પાકો રસ્તો આ વિસ્તારમાં બાંધવામાં આવે અને રસ્તા પરની લાઈટો નિયમિત રીતે ચાલુ રહે. લોકોએ એવો નિર્ણય લીધો હતો કે તેઓ ખુલ્લામાં કચરો ફેંકશે નહિ અને કચરો એકત્ર કરવાની જે જગ્યા નક્કી થયેલી છે ત્યાં જ કચરો નાખશે. વળી, ખુલ્લામાં રસ્તા પર પાણી વહેવડાવવામાં નહિ આવે એવું પણ નક્કી થયું હતું.

## કૃષ્ણકાંત સેનિટેશન સહકારી મંડળી

સાણંદ નગરના ઋષિ કોઓપરેટિવ હાઉસિંગ સોસાયટી વિસ્તારમાં મુખ્યત્વે સફાઈ કામદારો અને તેમના આશ્રિતો રહે છે. તેમના વિકાસ માટે રાજ્ય સરકારે જે સેનેટરી માર્ટની યોજના ઘડી છે તે અન્વયે

સહકારી મંડળીની રચના કરવા માટે એક બેઠક તા.૨૯.૯.૨૦૦૫ને ગુરુવારના રોજ મળી હતી.

આ બેઠકમાં ૧૨ મહિલાઓ સહિત ૨૫ નાગરિકો હાજર રહ્યા હતા. તેમણે આવી મંડળીની રચનામાં સહભાગી થવાનું નક્કી કર્યું હતું. કૃષ્ણકાંત સેનિટેશન સહકારી મંડળીનાં મુખ્ય પ્રાયોજક તરીકે શ્રી મીનાબહેન બી. ચૌહાણ નક્કી થયાં હતાં.

સૌ સભ્યોએ એક સંમતિપત્રક પણ તૈયાર કર્યું હતું. અને તેમાં સૌએ સહીઓ કરી હતી. મુખ્ય પ્રાયોજક શ્રી મીનાબહેને પછીથી તાલુકાના સમાજ કલ્યાણ નિરીક્ષકની સમક્ષ એ સંમતિપત્રક રજૂ કર્યું હતું અને મંડળીની નોંધણી માટેની કાર્યવાહી આગળ ચાલી હતી.

**સરકારી યોજના**

# આપત્તિગ્રસ્તોને સહાયની યોજના

ગુજરાત સરકારના મહેસૂલ વિભાગે તા.૨૭.૮.૨૦૦૨ના રોજ ઠરાવ નં-સીએલએસ/૧૫૨૦૦૧/૨૪૦૫/(૨) ૨૧.૩થી ચોમાસા દરમ્યાન પૂર, અતિવૃષ્ટિ ભારે વરસાદ, વીજળી પડવી, ઝાડ કે મકાન પડી જવું, તણાઈ જવું વગેરેને કારણે થતાં માનવ મૃત્યુ અને પશુ મૃત્યુ અંગેની મૃત્યુ સહાયનું ધોરણ, કાચાં અને પાકાં મકાનો તેમ જ ઝૂંપડાંઓ અંશતઃ કે સંપૂર્ણ પડી જાય તેનાં સહાયનાં તેમ જ રોકડ રાહત, ઘરવખરી સહાયનાં ધોરણો નક્કી કરવા અંગેની બાબત સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી. કેન્દ્ર સરકારના આપત્તિ રાહત ભંડોળમાંથી ખર્ચ કરવા અંગેના માર્ગદર્શક સિદ્ધાંતો ધ્યાને રાખીને આ સહાયનાં ધોરણો તા.૧.૬.૨૦૦૨ની પશ્ચાદ્‌વર્તી અસરથી નીચે મુજબ નક્કી કરવાનું ઠરાવવામાં આવ્યું છે:

**(૧) મૃત્યુ સહાય: (અ) પુખ્ત વયના વ્યક્તિ માટે:** પુખ્ત વયના વ્યક્તિનું કુદરતી આપત્તિ દરમ્યાન મૃત્યુ થાય તેવા સંજોગોમાં રૂ. ૨૫,૦૦૦ સરકારી ફંડમાંથી કેલેમિટી રિલીફ ફંડમાંથી અને રૂ. ૨૫,૦૦૦ મુખ્ય મંત્રીના રાહત ફંડમાંથી મળીને કુલ રૂ. ૫૦,૦૦૦ની મૃત્યુ સહાય ચૂકવાશે. **(બ) સગીર વયની વ્યક્તિ માટે (પાંચ વર્ષથી ઉંમરમાં મોટા):** સગીર વયની વ્યકિતનું કુદરતી આપત્તિ દરમ્યાન મૃત્યુ થાય તો રૂ. ૧૫,૦૦૦ સરકારી ફંડમાંથી કેલેમિટી રિલીફ ફંડમાંથી અને રૂ. ૧૫,૦૦૦ મુખ્યમંત્રીના રાહત ફંડમાંથી મળીને કુલ રૂ. ૩૦,૦૦૦ની મૃત્યુ સહાય ચૂકવવાની રહેશે. **(ક) પાંચ વર્ષ સુધીના બાળક માટે:** પાંચ વર્ષ કે તેથી નાની ઉંમરના બાળકનું કુદરતી આપત્તિ દરમ્યાન મૃત્યુ થાય તો તેવા કિસ્સામાં રૂ. ૫,૦૦૦ સરકારી ફંડમાંથી કેલેમિટી રિલીફ ફંડમાંથી અને રૂ. ૫,૦૦૦ મુખ્ય મંત્રીના રાહત ફંડમાંથી મળીને કુલ રૂ. ૧૦,૦૦૦ની મૃત્યુ સહાય ચૂકવવાની રહેશે. **(ડ)** જો ભારત સરકાર તરફથી વડા પ્રધાનના ફંડમાંથી મંજૂર થાય તો તે પ્રમાણેના વધારાના રૂ. ૫૦,૦૦૦ ચૂકવી શકાશે.

### મૃત્યુ સહાય ચૂકવવા માટેના ધ્યાને લેવાના સિદ્ધાંતો

(૧) આપત્તિની અસરને કારણે મૃત્યુ થયું છે તે ચકાસવાનું રહેશે.

(૨) મૃત્યુ પામનાર વ્યક્તિ-બાળકના કિસ્સામાં પોલિસ ફરિયાદ અને પોસ્ટ મોર્ટમ કરાવવાનું રહેશે.

(૩) મૃત્યુ થયા અંગેની વિગતો સંબંધિત કચેરીના રેકર્ડમાં રાખવાની રહેશે અને આ વિગતોમાં બનાવનું સ્થળ જેના અધિકારપત્રમાં આવે છે. તેવા સરપંચ, તલાટી, નગર પંચાયત/ નગરપાલિકા/ મ્યુનિસિપલ કોર્પોરેશનના વહીવટદાર-સત્તાધીશ દ્વારા મૃત્યુ કુદરતી આપત્તિ કારણે થયું છે તેવું પ્રમાણપત્ર સામેલ રાખવાનું રહેશે.

(૪) મૃત્યુ થયા પછી પોસ્ટ મોર્ટમ કે ફરિયાદ કાબૂ બહારના સંજોગોને કારણે ન થઈ શક્યાં હોય તો આ સંદર્ભે જિલ્લા અધિકારી દ્વારા તમામ રેકર્ડ અને ઉપલબ્ધ માહિતીની ખરાઈ પછી આ મૃત્યુ કુદરતી આપત્તિને કારણે થયું છે તેવું સ્પષ્ટપણે પ્રતિપાદિત કરવાનું રહેશે. મૃત્યુ સહાય ચૂકવતાં પહેલાં મહેસૂલ વિભાગની આવા કિસ્સાઓ પૂરતી અલગ અનુમતિ મેળવવાની રહેશે.

(૫) મૃત્યુ સહાયની ચુકવણીની રકમ કાયદેસરના વારસદારને ચૂકવવાની રહેશે. પ્રવર્તમાન સૂચનાઓ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

(૬) રાજ્ય સરકાર દ્વારા તમામ ખેડૂતોનો વીમો લેવાયેલો છે. આથી પૂર/વાવાઝોડામાં મૃત્યુ પામતા ખેડૂતોના કિસ્સામાં વિભાગના ઠરાવમાંની રાહતો ચૂકવ્યા બાદ વિમાના દાવા માટેનું સંપૂર્ણ વિગતો સાથેનું ફોર્મ ભરીને સંબંધિત વિભાગને મોકલવાનું રહેશે. તે જ રીતે રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા તમામ વિદ્યાર્થીઓને વીમાનું રક્ષણ પૂરું પાડવામાં આવેલ છે. વિદ્યાર્થીના મૃત્યુના કિસ્સામાં પણ ઉપર મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

(૭) મૃત્યુ સહાયનું ચુકવણું ચેક મારફતે કરવાનું રહેશે.

### (૨) દૈનિક રોકડ સહાય (કેશ ડોલ્સ):

વ્યક્તિદીઠ દૈનિક રૂ. ૧૫. વધુમાં વધુ ૧૫ દિવસ માટે. કુટુંબદીઠ મહત્તમ પાંચ વ્યક્તિઓની મર્યાદામાં.

**(૩) ઘરવખરી સહાય:** કુટુંબદીઠ રૂ. ૧૨૫૦.

### (૪) મકાનો/ઝૂંપડા સહાય:

**(અ)** કાચાં/પાકાં અંશતઃ નાશ પામેલાં મકાનો/ઝૂંપડાઓના કિસ્સામાં સર્વે ટીમના નુકસાનના અંદાજ પ્રમાણે રૂ. ૨૫,૦૦૦ સુધીના સહાય ચૂકવવાની રહેશે.

**(બ)** કાચાં/પાકાં સંપૂર્ણ નાશ પામેલાં મકાનોના કિસ્સામાં સર્વે ટીમના નુકસાનના અંદાજ પ્રમાણે રૂ. ૫૦,૦૦૦ સુધીના સહાય ચૂકવાશે. આ સહાય ચૂકવવા અંગેના સિદ્ધાંતો તા. ૩૧.૭.૨૦૦૦ના ઠરાવમાંની જોગવાઈ મુજબ યથાવત્ રહેશે.

જ્યારે નાયબ મામલતદાર, નાયબ ચિટનીસ, મદદનીશ ઈજનેર, અ.મ.ઈ. અને તલાટી-કમ-મંત્રી દ્વારા કરવામાં આવેલો સર્વે આખરી ગણાશે.

### (૫) પશુ મૃત્યુ સહાય:

આ સહાયનાં ધોરણો અને સિદ્ધાંતો તા. ૩૧.૭.૨૦૦૦ના ઠરાવ તથા તા. ૧૨.૬.૨૦૦૨ના સમાન ક્રમાંકના સુધારા ઠરાવ મુજબ યથાવત્ રહેશે.

**સરકારી નીતિ**

## રોજગાર બાંયધરીમાંથી શહેરી ગરીબો બાકાત

ભારતની સંસદે થોડા સમય અગાઉ રોજગાર બાંયધરી ધારો ઘડ્યો છે. આ કાયદો ગ્રામ વિસ્તારોમાં રોજગારની બાંયધરી ઊભી કરશે. એટલે કે જેઓ આ કાયદા હેઠળ પોતાનું નામ નોંધાવશે તેમને સરકાર વર્ષમાં ૧૦૦ દિવસની રોજગારી પૂરી પાડશે. જો સરકાર રોજગારી પૂરી નહિ પાડી શકે તો લઘુતમ વેતનની અર્ધી રકમ તેટલા દિવસ માટે ભથ્થા તરીકે પૂરી પાડશે. ગ્રામ વિસ્તારોમાં ગરીબીની રેખા નીચે જીવતાં પરિવારોને આ યોજનાનો લાભ મળશે.

જો કે, આ સમગ્ર કાર્યક્રમમાંથી શહેરી ગરીબોને બાકાત રાખવામાં આવ્યા છે. પરંતુ શહેરોમાં ગરીબી નથી એવું તો નથી જ. શહેરોમાં ગરીબીનું પ્રમાણ ૧૯૯૯-૨૦૦૦માં ૧૯.૯ ટકા હતું જે ૧૯૯૩-૯૪માં ૩૧.૪ ટકા હતું. નાનાં નગરોમાં આ પ્રમાણ આ જ ગાળા દરમ્યાન ૩૬.૨ ટકાથી ઘટીને ૨૪.૨ ટકા થયું, મધ્યમ કક્ષાનાં નગરોમાં એ ૩૨.૨ ટકાથી ઘટીને ૨૦.૪ ટકા થયું અને મોટાં નગરોમાં તે ૨૨.૬ ટકાથી ઘટીને ૧૪.૨ ટકા થયું. આ અંદાજો 'નેશનલ સેમ્પલ સર્વે' (એનએસએસ)ના વપરાશી ખર્ચના ૫૦મા અને ૫૫મા રાઉન્ડના સર્વેને આધારે મૂકવામાં આવ્યા છે. શહેરોમાં બેકારીનું પ્રમાણ ગ્રામ વિસ્તારો કરતાં વધારે છે. ૧૯૯૩-૯૪માં ગ્રામ વિસ્તારોમાં ૧.૨ ટકા બેકારી હતી અને તે વધીને ૧૯૯૯-૨૦૦૦માં ૧.૫ ટકા થઈ છે. પણ શહેરી વિસ્તારોમાં તે ૪.૫ ટકા હતી અને તે વધીને ૪.૮ ટકા થઈ છે. નાનાં નગરોમાં તે ૩.૯ ટકાથી તેને ૪.૩ ટકા, મધ્યમ કક્ષાનાં નગરોમાં ૪.૯ ટકાથી વધીને ૫.૦ ટકા અને મોટાં શહેરોમાં ૪.૬ ટકાથી વધીને ૫.૦ ટકા થઈ છે. આમ, શહેરી વિસ્તારોમાં બેકારી ગ્રામ વિસ્તારો કરતાં ઘણી વધારે છે, લગભગ ચાર ગણી વધારે છે. તેમ છતાં રોજગાર બાંયધરી ધારાના અમલ માટે શહેરો વિશે વિચારવામાં આવ્યું જ નથી.

## મ્યુનિસિપલ બોન્ડની રકમ બમણી કરવા વિચારણા

ભારત સરકાર નગરપાલિકાઓ દ્વારા બોન્ડ બહાર પાડીને જે રકમ મેળવવામાં આવે છે તે વધારવાનું વિચારે છે. હાલ તેના ઉપર ૫૦ કરોડ રૂ.ની મર્યાદા મૂકવામાં આવી છે અને તે રકમ વધારીને રૂ. ૧૦૦ કરોડ કરવાનું વિચારાઈ રહ્યું છે.

અત્યારે એવી પણ મર્યાદા મૂકવામાં આવી છે કે કોઈ એક પરિયોજનાના કુલ ખર્ચની ત્રીજા ભાગની રકમ જ આવા બોન્ડ ઈસ્યુ કરીને ભેગી કરી શકાય. આ અંકુશ પણ દૂર કરવામાં આવે એવી શક્યતા છે. આ બોન્ડમાં રોકાતાં નાણાંને કરવેરામાંથી મુક્તિ આપવાની જે નીતિ છે તે ચાલુ રહેશે. કેન્દ્ર સરકારનું નાણાં મંત્રાલય અને શહેરી વિકાસ મંત્રાલય આ વિચારણા કરી રહ્યાં છે.

આવક વેરા ધારાની કલમ-૧૦(૧૫)(૭) હેઠળ આ બોન્ડને આવક વેરામાંથી મુક્તિ આપવામાં આવી છે. જો કે, નાણાં મંત્રાલયે તે માટે મંજૂરી આપવાની રહે છે. વડા પ્રધાને 'રાષ્ટ્રીય શહેરી પુનરુત્થાન મિશન'ની આ વર્ષે જ જાહેરાત કરી છે. તેનો ઈરાદો શહેરોમાં માળખાગત સવલતોની પરિસ્થિતિ સુધારવાનો છે. ૨૦૦૪-૦૫માં ચેન્નઈ મહાનગરપાલિકાએ રૂ. ૫૦ કરોડ અને રૂ. ૪૪ કરોડના બોન્ડ બહાર પાડ્યા હતા. કર્ણાટક વોટર એન્ડ સેનિટેશન પૂલ્ડ ફંડ ટ્રેસ્ટને પણ રૂ. ૧૦૦ કરોડના બોન્ડ બહાર પાડવા માટે મંજૂરી અપાઈ હતી.

## ગટર સફાઈનાં સાધનો ખરીદવા પાલિકાઓને સહાય

ગુજરાત સરકારે રાજ્યની ૪૪ નગરપાલિકાઓને ગટર સફાઈનાં સાધનો ખરીદવા માટે ૧.૧૩ કરોડની સહાય આપવાનો નિર્ણય કર્યો છે. તાજેતરમાં ગટરોની સફાઈ કરતા કામદારોનાં થયેલાં મોતના સંદર્ભમાં ભૂતપૂર્વ સાંસદ શ્રી પ્રવીણ રાષ્ટ્રપાલે ગુજરાતની વડી અદાલતમાં કરેલ જાહેર હિતની અરજીના સંદર્ભમાં જે 'એક્શન ટેક્ન રિપોર્ટ' રાજ્ય સરકાર દ્વારા રજૂ કરાયો છે તેમાં વિગત આપવામાં આવી છે. અગાઉ વડી અદાલતે શહેરી વિકાસ સચિવના નેજા હેઠળ બેઠક બોલાવવા અને ગટર સફાઈ માટેનાં જરૂરી સાધનો ખરીદી ગટરની સફાઈ મશિન દ્વારા જ કરાવવા રાજ્ય સરકારને આદેશ આપ્યો હતો. 'એક્શન ટેકન રિપોર્ટ'માં જે વિગતો અપાઈ છે તે મુજબ આ આદેશનું અસરકારક પાલન થાય તે માટે સંબંધિત તમામ વિગતો સાથે સોગંદનામું રજૂ કરવા માટે પણ વડી અદાલતે ગુજરાત રાજ્ય સરકારને જણાવ્યું હતું.


**વધુ માહિતી માટે સંપર્ક**

**ભીખાભાઈ પટેલ** (પ્રમુખ)
**બી. એમ. ઉપાધ્યાય** (ચીફ ઑફિસર)
**સાણંદ નગરપાલિકા**
નગરપાલિકા હૉસ્પિટલની સામે, સાણંદ. ફોન: ૦૨૭૧૨-૨૨૧૧૨

**નાગરિક સહયોગ કેન્દ્ર**
(ઉન્નતિ અને સાણંદ નગરપાલિકાનો સંયુક્ત પ્રયાસ)
સાણંદ નગરપાલિકા
નગરપાલિકા હૉસ્પિટલની સામે, સાણંદ. ફોન:૦૨૭૧૨-૨૨૧૧૨

**ઉન્નતિ વિકાસ શિક્ષણ સંગઠન**
જી-૧/૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫, ફોન: (૦૭૯) ૨૬૭૪૬૧૪૫, ૨૬૭૩૩૨૯૬, ફેક્સ: ૨૬૭૪૩૭૫૨